**<u>મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલતનાં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મુ.અમદાવાદ.</u>**

**ફોજદારી કેસ નં.૧૨૨૨/૨૦૧૯**

**આંક–૧૩**

**ફરિયાદી :–** **Employees' State Insurance Corporation,**
Gujarat Regional Office,
Ashram Road,
Ahmedabad-380014
Through:
SHRI AJAY NATH SHARMA
or his Successor
Social Security Officer/Manager.

વિરુદ્ધ

**આરોપીઓ :– (1)** **Shri Hasmukhbhai V.Shah (Director)**
401, Prakruti-A,
Nr.Sanjivani Hospital Road, Jan Nagar,
Paldi, Ahmedabad- 380007

**(2)** **M/S. Anukool Furniture Systems Ltd**
804/8, GIDC, Sector-28,
Gandhinagar.

**ગુન્હો :–** **એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ એકટ–૧૯૪૮ ની કલમ–૮૫(જી) સાથે વાંચતા રેગ્યુલેશન–૪૪ મુજબ**

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) હાલનો ફોજદારી કેસ અત્રેની કોર્ટમાં ફરિયાદી ધ્વારા સંબંધિત કોર્ટ સમક્ષ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ રજુ કરવા સંબંધિત કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીઓને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, આરોપીઓએ ઈ.એસ.આઈ. કાયદા મુજબનો ફાળો નહીં ભરી તે અન્વયેનાં એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ એકટ–૧૯૪૮ ની **કલમ–૮૫(જી)** સાથે વાંચતા **રેગ્યુલેશન–૪૪** મુજબનો ભંગ કરેલ હોઈ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ–૮૫(૨) હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરિયાદ કરેલ છે.

(૨) ઉપરોકત સંદર્ભની ફરિયાદ અત્રેની અદાલત સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતાં સંબંધિત અત્રેની કોર્ટ ધ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીઓને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) આરોપીઓને સમન્સ બજી જતાં આરોપીઓ આજરોજ તેમનાં વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ તેઓની

પ્લી
લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરેલ છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપીઓની ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં આરોપીઓ પોતાને ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતાં તેમાં પણ આરોપીએ પોતાની સામેનો ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.આમ, આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતાં હોવાનું જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તેમજ આરોપીઓનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. સવિશેષ નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું-૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**--:: હુ ક મ ::--**

૧) સદર કામે આરોપીઓને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨ અન્વયે એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ એકટ -૧૯૪૮ ની કલમ-૮૫(જી) સાથે વાંચતા, **રેગ્યુલેશન-૪૪** મુજબના ભંગ બદલ તે કાયદાની કલમ-૮૫(૨) મુજબ દોષિત ઠરાવવામાં આવે છે અને દરેક આરોપીને રૂા.૪,૦૦૦/- ના લેખે કુલ-૨ આરોપીઓનાં કુલ મળીને **રૂા.૮,૦૦૦/- (અંકે રૂપિયા આઠ હજાર પુરા) ના** દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીઓએ દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેસની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ જરૂરી નિયમોની ક્ષતિની પુર્તતા કરી દિન-૩૦ માં સંબંધિત કચેરીને જાણ કરવી.

૪) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૨૨/૦૬/૨૦૨૪ નાં રોજ અત્રેની કોર્ટમાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૨૨/૦૬/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

NARENDRA PATEL,(P.A.)